Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# પર્યાવરણ અને વિકાસ

**ડૉ.રાજેશ્રી બી. વાઝા**
**આસિ. પ્રોફેસર (અર્થશાસ્ત્ર વિભાગ)**
**ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ, રાજકોટ**

---

**સારાંશ :**

માનવીની ભૌતિક આર્થિક વિકાસની ગાંડી ભૂખ અને સંપતિમાં આળોટવાની ઘેલછાને લીધે પૃથ્વી ઉપરનું પર્યાવરણ ખળભળી ઉઠ્યું છે ત્યારે સમગ્ર વિશ્વમાં પર્યાવરણીય અસમતુલા ઉભી થઈ છે. પ્રવર્તમાન સમયમાં વિકાસની પરિભાષા બદલાઈ રહી છે. ઔદ્યોગિક અને શહેરીકરણના પરિણામે હવા,પાણી,જમીન,જંગલ પર એની વિપરીત અસર પડી છે. વિકાસની આંધળી દોડમાં વાયુ પ્રદુષણે શહેરોમાં જીવનને ગૂંગળાવી દીધું છે.પર્યાવરણ પ્રત્યે આપણે જાગૃત ન બનીએ અને તેનું જતન નહીં કરીએ તો જીવ માત્રનું જીવન દોહ્યલું બની જશે એટલે માત્ર અર્થતંત્રમાં જ નહી પણ સમગ્ર વિશ્વમાં આજે પર્યાવરણનો પ્રશ્ન ચર્ચાય રહયો છે ત્યારે બધા દેશો સફાળા જાગી ઉઠીને બેબાકળા બની ગયા છે.પર્યાવરણ બચશે તો જ પૃથ્વી બચશે અને પૃથ્વી બચશે તો જ આપણે બચીશું એ વાસ્તવિકતાનું ભાન હવે વિશ્વના વિકસિત અને અવિકસિત બધા દેશોને થઈ ગયું છે.પરિણામે હવે બધાને પ્રકૃતિને પ્રેમ કરો અને કુદરત તરફ પાછા વળોનું સત્ય સમજાઈ ગયું છે.આમ ટકાઉ વિકાસના ખ્યાલમાં ભાવી પેઢીની જરૂરિયાત સંતોષી શકે તેવી રીતે કુદરતી સંપતિ(પર્યાવરણ)નો ઉપયોગ કરી વિકાસ કરવાનો છે.

- **પ્રસ્તાવના :**

માનવ સંસ્કૃતિ અને પર્યાવરણ પરસ્પર એકબીજાના પૂરક અને સહાયક છે, પરંતુ પ્રાકૃતિક સંપતિના અનુચિત ઉપયોગથી પર્યાવરણ પર વિપરીત અસર થાય છે અને તેના પરિણામે પ્રદુષણનો જન્મ થાય છે. આઝાદી પછી આપણા દેશમાં આર્થિક વિકાસ જેમ જેમ સાધતા ગયા તેમ તેમ પર્યાવરણના અગત્યના ઘટકો વાયુ, જલ, ભૂમિ વગેરેનો બેફામ ઉપયોગ થવાથી તેના પરિણામ સ્વરૂપ પેદા થયેલ વાયુ, જલ અને ભૂમિના પ્રદુષણના કારણે પર્યાવરણીય અસમતુલા પેદા થઈ છે ત્યારે પર્યાવરણીય પ્રશ્નનોને અર્થશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી તપાસવાનું કાર્ય ખૂબ જ અગત્યનું બની ગયું છે. એક બાજુ ઔદ્યોગિક વિકાસ નોંધપાત્ર રીતે આર્થિક વિકાસને પ્રેરે અને પોષે છે અને બીજી બાજુ આ ઔદ્યોગિક વિકાસ અને તેને સંલગ્ન આનુવંશિક પ્રવૃતિઓ ખૂબ જોખમી રીતે પર્યાવરણને હાનિ પહોંચાડે છે. ઔદ્યોગિકરણની વધતી જતી હરણફાળ, કારખાનાઓના ઝેરી ગંદા રસાયણો, કૃષિ વિકાસ, વાહન વ્યવહાર, શહેરીકરણ વગેરેના વિકાસની પ્રક્રિયા હાથ

ધરી છે, જેના કારણે પૃથ્વીના પર્યાવરણનું નિકંદન નીકળી રહ્યું છે. પ્રદુષિત થતી જળસૃષ્ટિ, વન્યસૃષ્ટિને કારણે જાહેર આરોગ્ય અને સુખાકારી જોખમમાં મૂકાઇ છે. વૈશ્વીકરણના યુગમાં અનેક પ્રકારના માનવસર્જિત પ્રદુષણને કારણે આજે સમગ્ર વિશ્વ એક ગંભીર કટોકટી તરફ જઈ રહ્યુ છે. ગ્રીન હાઉસ ઈફેક્ટ, ગ્લોબલ વોર્મિંગ, કલાઈમેન્ટ ચેન્જ જેવી પર્યાવરણીય સમસ્યાઓ આંતરરાષ્ટ્રીય અને વિશ્વની ગંભીર સળગતી સમસ્યાઓ છે. સમગ્ર દુનિયા અત્યારે ગ્લોબલ વોર્મિંગનાં કારણે ચિંતાતુર છે. હાલમાં વિશ્વનો જે દરે ઝડપી આર્થિક વિકાસ થઇ રહ્યો છે તે આત્મઘાતક છે, તે નિર્વિવાદ બાબત છે. આ વિકાસથી માનવજાત જ ખતમ થઇ જાય તો તે વિકાસ શા કામનો અને શા માટે? આ વિકાસથી જંગી પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન થાય છે. જે વૈશ્વિક તાપમાન અને તેના વિનાશકારી અનિષ્ટોનું મૂળ છે. આથી આપણે હાલની વિકાસ પદ્ધતિ અને અને તેના અગ્રતાક્રમો તથા વ્યૂહરચનામાં આમૂલ પરિવર્તન કરવાની તાતી જરૂર છે. માનવીના અને સમગ્ર જીવસૃષ્ટિનાં સંરક્ષણ માટે પર્યાવરણનું સંરક્ષણ જરૂરી છે. વિશ્વના દેશોએ આ પ્રકારની પર્યાવરણ સંરક્ષિત “ઈકોફ્રેન્ડલી” વિકાસ અપનાવવાની તાતી જરૂર છે.

- **પર્યાવરણનો અર્થ** :

“ જૈવિક આવરણમાંની સજીવ સૃષ્ટિના સમુદાયો ફરતે આવેલ અને તેને અસર કરતી પરિસ્થિતિઓ અને પરિબળોનો સમુદાય એટલે પર્યાવરણ.” આમ પર્યાવરણ એટલે હવા,પાણી, જમીન,વનવિસ્તાર તથા દરિયાઈ, જંગલી તેમજ પાલતું પ્રાણીઓ, પશુ પક્ષીઓ અને માનવજીવન વચ્ચેનો સમન્વય.

- **પર્યાવરણીય પ્રદૂષણનો અર્થ** :

પર્યાવરણના પ્રાકૃતિક સમતુલનમાં માનવીએ પેદા કરેલ વિક્ષેપનને કારણે જે પર્યાવરણીય વાતાવરણ પ્રદૂષિત બન્યું છે. તેને પર્યાવરણનું પ્રદૂષણ કહેવામાં આવે છે.

**પર્યાવરણીય પ્રદૂષણના પ્રકારો**

**વાયુનું પ્રદૂષણ** | **જળનું પ્રદૂષણ** | **ભૂમિનું પ્રદૂષણ** | **અવાજનું પ્રદૂષણ**

- **પર્યાવરણીય સમસ્યાઓ** :

કુદરતના પરિસ્થિતિતંત્રમાં ઊભી થયેલ અસમતુલાની નિષેધાત્મક અસરોને પર્યાવરણીય

સમસ્યા ઓળખી શકાય. બીજી રીતે કહીએ તો પર્યાવરણીય સમસ્યા એટલે માનવ વિકાસના નામે પ્રકૃતિમાં રહેલાં કુદરતી સંસાધનોની ગુણવત્તા અને જથ્થામાં થયેલો ઘટાડો. સ્થાનિક અને વૈશ્વિક સ્તરે પજવતી પર્યાવરણની આ સમસ્યાઓ ત્વરિત અને સર્વગ્રાહી ઉકેલ શક્ય નથી. કારણ કે વાસ્તવમાં પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલની શોધ તે વૈકલ્પિક વિકાસની શોધ છે. આમ છતાં પર્યાવરણને ઓછું નુકસાન પહોંચાડે તેવા વિકાસની દિશા શોધવાની જરૂર છે.

પર્યાવરણીય સમસ્યાઓને મુખ્ય બે વિભાગમાં વિભાજીત કરી શકાય: (૧) પ્રાકૃતિક પર્યાવરણીય સંકટ (૨) માનવકૃત પર્યાવરણીય સમસ્યાઓ.

**(૧) પ્રાકૃતિક પર્યાવરણીય સંકટ :**

પ્રાકૃતિક પર્યાવરણીય સંકટમાં પૂર, દુષ્કાળ, ભૂકંપ, ચક્રવાત, અતિવૃષ્ટિ, બર્ફ વર્ષા, વાવાઝોડું વગેરેનો સમાવેશ થાય છે. આ સમસ્યાઓનું પૂર્વ અનુમાન કરવાનું ખુબ જ મુશ્કેલ હોય છે. તેથી અસહ્ય તારાજી સર્જાય છે.

**(૨) માનવકૃત પર્યાવરણીય સમસ્યાઓ :**

૧- વિવિધ પ્રકારની સંપતિનો બગાડ
૨- ઔદ્યોગિકીકરણ
3- શહેરીકરણ
૪- વસ્તી વિસ્ફોટ
૫- પ્રદુષણ (જળ- જમીન- અવાજનું પ્રદૂષણ)
૬- વાયુ પ્રદુષણ
૭- ઓઝોનમાં ગાબડું
૮- એસિડ વર્ષા
૯- ગ્રીન હાઉસ પર અસર
૧૦- ઉપભોક્તા પદ્ધતિમાં બદલાવ
૧૧- જૈવિક વિવિધતામાં ઘટાડો
૧૨- કચરાના નિકાલની સમસ્યા

આમ જેમ-જેમ ઔદ્યોગિક અને આર્થિક વિકાસ થતો જાય છે. તેમ તેમ પર્યાવરણની ગંભીરતાયુક્ત સમસ્યાઓ સર્જાતી જાય છે. આજે હવા, પાણી ખોરાક પણ પ્રદૂષિત છે. બિનકુદરતી બેફામ અયોગ્ય નીતિઓને કારણે હવા, પાણી, જમીન, અવાજ પ્રદુષણના પ્રશ્નો સર્જાયા છે. સરકારની વિકાસનીતિમાં આમૂલ પરિવર્તન લાવવાની જરૂર છે. હરિત ખેતી, જંગલોનો વિકાસ, પર્યાવરણ ક્ષેત્રનો વિકાસ કરવાની મોટાપાયે જરૂરિયાત છે. આથી જ પ્રદૂષણ રહિત પર્યાવરણને વૈજ્ઞાનિકો, અર્થશાસ્ત્રીઓ અને વિચારકો આજે સાચા વિકાસના એક માપદંડ તરીકે સ્વીકારવા લાગ્યા છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- **પર્યાવરણની જાળવણી અને વિકાસ** :

પર્યાવરણની જાળવણી સમાજ માટે ખૂબ જ અગત્યની છે. આવનારી પેઢીને કુદરતના સ્ત્રોતો અકબંધ આપી જવાની જવાબદારી નિભાવવા માટે પર્યાવરણની જાળવણી જરૂરી છે. વિકાસ પણ પર્યાવરણ સાથે એ આજનું સૂત્ર છે. પર્યાવરણનો અભાવ આપણને આ સંભવિત પ્રદૂષણથી બચવાના ઉપાયો માટે જાગૃત કરે છે અને સમાજ આવા ખતરનાક દૂષણોથી બચવા પ્રેરે છે. આજના વર્તમાન સમાજ તથા આવનારી પેઢીના માનવહિત, સામાજીક કલ્યાણ તથા પ્રદૂષણ રહિત પર્યાવરણ અને ટકાઉ વિકાસ માટેની યોજનાઓ પણ જરૂરી છે. પર્યાવરણની જાળવણી અને વિકાસ સંબંધી ઉપાયો જેમ કે....

- વસ્તી વધારા પર નિયંત્રણ મુકવું જોઈએ.
- પ્રાકૃતિક સાધનોનો નાશ થતો અટકાવવો જોઈએ.
- સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.
- હવા, પાણી અને અવાજના પ્રદૂષણને અટકાવવું જોઈએ.
- ભૂમિની ઊર્જાની જાળવણી કરવી જોઈએ.
- માનવીય ટેકનોલોજીનો સ્વીકાર કરવો જોઈએ.
- પર્યાવરણલક્ષી શિક્ષણનું આયોજન કરવું જોઈએ.
- રાસાયણિક કચરાનું વ્યવસ્થાપન કરવું જોઈએ.
- વિશ્વના તમામ દેશોમાં પર્યાવરણ અને માનવ વચ્ચેના સંબંધોનું સમાયોજન કરવું જોઈએ.
- સામાજિક કલ્યાણ, ટકાઉ વિકાસ અને પર્યાવરણની જાળવણી માટે વૈશ્વિક કાયદાની જોગવાઇ કરવી જોઈએ.
- પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવી અને લોકોને સહભાગી બનાવવા જોઈએ.
- આપણે અશ્મિજન્ય બળતણને બદલે શૂન્ય કાર્બન ઉત્સર્જન કરે તેવા રૂપાંતરિત બળતણ જેવા કે પવન ઉર્જા, સૌર ઉર્જા અથવાતો ઓછુ પ્રદુષણ અને કાર્બન ઉત્પન્ન કરે તેવા ગેસનો વધારી દઈ ઓક્સીજનનું પ્રમાણ સમતોલ કરી શકાય.
- પર્યાવરણીય સંપતિની જાળવણી પ્રાથમિક પેદાશોની જાળવણી માટે પણ અનિવાર્ય છે. આયોજન દ્વારા જળસંચયની પદ્ધતિ વિકસાવી રણ કે અર્ધરણ જેવા સુકા પ્રદેશમાં ખેત પેદાશોનું પ્રમાણ વધારીને લાવી શકાય છે.
- જો આર્થિક વિકાસ પૃથ્વીની પર્યાવરણ વ્યવસ્થાના ભોગે જ થઈ શકતો હોય તો તેવો વિકાસ ટકાઉ વિકાસ ન કહેવાય.
- છેલ્લા કેટલાક સમયથી વિકસિત દેશોનો વૃદ્ધિ દર ઓછો થઈ ગયો છે. વિકાસશીલ દેશોનો પણ વૃદ્ધિદર

સ્થગિત બનતો જાય છે. ૬૦ ના દાયકાનો વૃદ્ધિદર પાછો મેળવવા માટે ટકાઉ આર્થિક વિકાસ શક્ય બને તે માટે આંતરરાષ્ટ્રીય નીતિઓનું નિર્માણ કરવું, સાથોસાથ વિકાસ વધે પરંતુ પર્યાવરણ જળવાઈ રહે તે પણ જોવું રહ્યુ.

- જમીન, પાણી, વાયુ, જંગલ અને ઉર્જા જેવાં સંશાધનો ઔદ્યોગિક વિકાસ, આર્થિક વિકાસના નામે અતિ ઉપયોગી છે. તેના પુનઃનિર્માણ અંગે ઉદાસીનતા દાખવી છે. કુદરતના આ તત્વોનો ઉપયોગ કરીને તેનું પુનઃનિર્માણ થાય તેવું આયોજન જરૂરી છે.
- વ્યાપક ઔદ્યોગિક વિકાસને પરિણામે પર્યાવરણના કેટલાક ગંભીર પ્રશ્નો વૈશ્વિક સ્તરે ઉભા થયા છે. હવા અને પાણીનું પ્રદૂષણ અંગારવાયુનું વધતું પ્રમાણ, ઓઝોનના પડમાં ગાબડા, સમુદ્રમાં ઠલવાતા કચરાને કારણે થતું દરિયાથી પ્રદૂષણ વગેરે પ્રશ્નો ઉભા થયા છે ત્યારે હવે બધાં દેશો હરિયાળા અર્થતંત્રની હિમાયત કરવા લાગ્યા છે. જેમાં બધા જ આર્થિક વ્યવહારો ઉર્જાના એવા વૈકલ્પિક સ્ત્રોતો વડે થતાં હોય કે જે નફાને અનુકૂળ હોવાને બદલે પર્યાવરણને વધુ અનુકૂળ હોય.
- ટકાઉ વિકાસ માટે સંસ્થાકીય માળખાઓ ઉભા કરવા સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક ઉભા કરી તે દિશામાં સંશોધનો અને યોગ્ય ટેક્નોલોજીનો વિકાસ કરી જરૂરી માળખામાં ઉચિત ફેરફારો કરવા જોઈએ.
- ગ્રીન હાઉસ ઈફેક્ટ, ગ્લોબલ વોર્મિંગ, કલાઇમેન્ટ ચેન્જ જેવી સમસ્યાઓ એ વૈશ્વિક કક્ષાની સમસ્યાઓ છે. ગ્લોબલ વોર્મિંગ અને વાતવરણમાં બદલાવ જેવી પ્રવર્તમાન પર્યાવરણીય સમસ્યાઓથી બચવા માટે કુદરતી સ્ત્રોતોનો માર્યાદિત ઉપયોગ કરી બિનપરંપરાગત ઉર્જાના સાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે.

આમ પર્યાવરણ જળવાઇ રહે અને સંસાધનોનો નાશ નહીં, પરંતુ પુનઃનિર્માણ થતું રહે તે રીતે વિકાસ ક્રમ સાધવા અને સહિયારા કાર્યક્રમ ઘડવા માટે પર્યાવરણ અને ચિંતનનો સમન્વય કરવામાં આવે તે ખુબ જરૂરી છે. કુદરતને જીતીને માનવી વિકાસ કરી શકશે તેવું ચિંતન હવે ખોટુ ઠરતુ જણાય છે, આથી કુદરતના સંશાધનોનું સંવર્ધન કરીને વિકાસ સાધવાનું અતિ આવશ્યક બની ગયું છે. આપણી હાલની વિકાસ પદ્ધતિ અને તેના અગ્રતાક્રમો તથા વ્યુહરચનામાં આમૂલ પરિવર્તન કરી માનવીનાં અને સમગ્ર જીવસૃષ્ટિનાં સંરક્ષણ માટે પર્યાવરણનું સંરક્ષણ કરવું જરૂરી છે અને તે માટે વિશ્વના દેશોએ પર્યાવરણ સંરક્ષિત “ઈકોફ્રેન્ડલી” વિકાસ અપનાવવાની તાતી જરૂર છે. ટૂંકમાં વિકાસનું લક્ષ માનવલક્ષી અને પ્રકૃતિલક્ષી હોવું જોઈએ. પર્યાવરણની આ વૈશ્વિક સમસ્યાનો સચોટ ઉપાય છે યૌગિક જીવન પદ્ધતિ. કારણકે સંયુક્ત રાષ્ટ્રસંઘની ‘સ્વચ્છ વિશ્વ’ ઝુંબેશની આખી સફળતાનો આધાર સ્થાનિક પરસ્થિતિ, સ્થાનિક સંજોગો, લોકોમાંની નાગરિક ભાવના અને રાષ્ટ્રપ્રેમની લાગણી પર છે.

**સંદર્ભ સૂચી :**


- https://gu.unansea.com › વૈશ્વિક-પર્યાવરણીય-2
- https://hindi.indiawaterportal.org
- https://hindi.indiawaterportal.org/node/48419
- http://www.kcgjournal.org/multi/issue8/pragna.php
- https://www.gujaratsamachar.com/news/shatdal/world-environment-day-5-june-2019
- https://m.dailyhunt.in
- http://www.raijmr.com
- www.kcgjournal.org›multi›issue4›manish
- https://gu.wikipedia.org › wiki
- https://dekretmir.ru › terminy › vzaimosvyaz-mezhdu-gl.
- gu.vikaspedia.in
- જોશી, મહેશ વી. પર્યાવરણ અને સામાજિક અર્થશાસ્ત્ર. સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ
- વિકાસ અને પર્યાવરણનું અર્થશાસ્ત્ર. ન્યુ પોપ્યુલર પ્રકાશન
- પટેલ, રાકેશ આર. ભારતીય દર્શનમાં પર્યાવરણ
- વિકાસ અને પર્યાવરણનું અર્થશાસ્ત્ર. સી. જમનાદાસ કંપની